| | | | |
|---|---|---|---|
| GJTP040004212026 | सत्यमेव जयते | Received on - | 09-04-2026 |
| | | Registered on - | 09-04-2026 |
| | | Decided on | 30-06-2026 |
| | | Duration | D M Y |
| | | | 21 02 00 |

**– :: મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી ની કોર્ટ સમક્ષ, નીઝર ::–**

**ફોજદારી કેસ નં. ૩૨૧ / ૨૦૨૬**

**આંક–.....**

**ફરીયાદિ :– શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપી :– આશાબેન લીલામાઈ પાડવી,**
**રહે. ગામ–સજજીપુર,**
**તા. નિઝર, જી. તાપી.**

| | |
|---|---|
| **ગુન્હો:–** | **ક. ૬૫એએ, ગુજરાત પ્રતીબંધ અધીનીયમ, ૧૯૪૯.** |
| **ફરીયાદિ તરફે :–** | **વિ. એ. પી. પી. શ્રી પી. આર. વસાવા.** |
| **આરોપી તરફે :–** | **વિ. વ. શ્રી ડી. જે. ઠાકરે.** |

## :: ચુકાદો ::

**૧. ટુંકમાં હકીકત :–**

**૧.૧.** તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ ક. ૧૭:૩૦ વાગ્યે તહોમતદાર વગર પાસ પરમીટે આશરે દેશી દારુ લિટર–૫, જેની કુલ કિં. રૂ. ૧,૦૦૦/– સાથી મળી આવેલ. તેથી, આરોપી વીરૂધ્ધ ક. ૬૫એએ, ગુજરાત પ્રતીબંધ અધીનીયમ, ૧૯૪૯ મુજબની ફરીયાદ દાખલ થયેલી અને તપાસ અનવ્યે કરવામાં આવેલ તપસના અંતે આરોપી વીરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા, પોલીસ ધ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૧. ૨.** ચાજસ્શીટ દાખલ થતાં, કોર્ટ ધ્વારા આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ અને તે પ્રોસેસ આરોપીને બજી જતાં, આરોપી કોર્ટમાં હાજર થયેલ. ત્યારબાદ, ક. ૨૦૭, સીઆર. પલી. સી. મુજબ આરોપી ને વિનામુલ્યે પુલીસ પેપર્સની નકલ આપવામાં આવેલ. સદર ગુનહાની કાયદામાં સજાની જોગવાઈ જોતા, સદર ગુનહો વોરેન્ટ ટ્રાયબલ હોય, જેથી આંક–૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–૫ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ, જેમાં આરોપી ધ્વારા તહોમતનામું નકારવામાં આવતા, પુરાવો નોંધવામાં આવેલ છે.

**૨. ફરીયાદપક્ષના પુરાવા :–**

**૨.૧. મૌખીક પુરાવા –**

| **ક્રમ નં.** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ નં. ૧ – મુકેશભાઈ બલરામભાઈ પાડવી | ૯ |
| ૨. | પંચ સાહેદ નં. ૨ – સુનિલભાઈ સુભાષભાઈ પાડવી | ૧૧ |

**૨. ૨. દસ્તાવેજી પુરાવા –**

| **ક્રમ નં.** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચનામું | ૧૦ |

**૩. પુરવારનું ટુંકસાર :–**

ફરીયાદપક્ષે આંક–૯ થી પંચ સાહેદ નં. ૧–મુકેશભાઈ બલરામભાઈ પાડવી ને તથા આંક–૧૧ થી પંચ સાહેદ નં. ૨–સુનિલભાઈ સુભાષભાઈ પાડવીનેસોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓને પંચનામાની કોઈ પણ વિગત ખબર નથી અને તેઓએ માત્ર એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી જે સહીં તેઓ આંક–૧૦ થી રજુ કરેલ પંચનામાને જોઈ અને ઓળખી બતાવેલ છે. સદર પંચ પંચનામા મુજબની વીગતે સમર્થન ન આપતા હોય, જેથી એ. પી. પી. શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિસતૃત ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકમરી પુરાવો રેર્કડ પર આવી શકેલ નથી.

સદર સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ એક તૈયાર લખેલ કાગળમાં સહિં કરેલી અને તે સીવાય તેઓ કાંઈ જાણતા નથી તેમજ તેઓએ સહીં કરેલી ત્યારે, તેઓ અને પોલીસ સીવાય અન્ય કોઈ વ્યકતી હાજર હતા નહીં.

**૪. વીશેષ નીવેદન :–**

ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા નોંધાયા બાદ, ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી ધ્વારા મૌખીક રીતે પુરાવો પુરુ થયાનું જાહેર કરવામાં આવેલ. તેમજ, રેકર્ડ પરના તમામ પુરાવાને ધ્યાને લેતા આરોપીનું ક. ૩૧૩, સીઆર. પી. સી. મુજબનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો ના હોય, જેથી આરોપીનું તે અનવ્યેનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫. મુદ્દા:–**

**૫. ૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે, તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ ક. ૧૭:૩૦ વાગ્યે તહોમતદાર વગર પાસ પરમીટે આશરે દેશી દારુ લિટર–૫, જેની કુલ કિં. રૂ. ૧,૦૦૦/– સાથી મળી આવતા, આરોપીએ ક. ૬૫એએ, ગુજરાત પ્રતીબંધ અધીનીયમ, ૧૯૪૯ મુજબનો ગુન્હો કરેલ છે ?

**૫. ૨.** શું હુકમ ?

**૬. નીર્ણય :–**

**૬. ૧.** મુદદા નં. ૫.૧. – નકારમાં.

**૬. ૨.** મુદદા નં. ૫. ૨. – આખરી હુકમ મુજબ.

**૭. દલીલો ::**

**૭. ૧. ફરીયાદપક્ષ તરફે –**

સરકારપક્ષે વિ. એ.પી.પી. શ્રી એ મુજબની દલીલ કરેલ છે કે, સદર ગુનાના કામે આરોપીના કબ્જામાંથી મુદામાલ દારૂ મળી આવેલ છે, જેથી આરોપીને સંખત થી સથત સજા કરવા નમ્ર અરજ કરેલ છે.

**૭. ૨. આરોપીપક્ષ તરફે –**

આરોપીપક્ષે વિ. વી. શ્રી ધ્વારા એ મુજબની દલીલ કરવામાં આવેલ છે કે, પંચ સાહેદે ફરીયાદપક્ષ્ના કેસને સમર્થન આપેલ નથી, જેથી એવુ જણાઈ આવે છે કે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ખોટો કેસ ઉભો કરેલ છે અને આરોપી વિરૂધ્ધનું તહોમત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, જેથી આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૮. પુરાવાનું મુલ્યાંકન તથા કારણો :–**

ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવો તથા રેકર્ડનું મુલ્યાંકન કરતાં, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદ કે જે મહત્વના સાહેદ ગણાય છે, તેઓએ રજુ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી, જેથી સદર પંચનામું પુરવાર થયેલ નથી અને આંક–૧૦ થી રજુ પંચનામું ફકત સહિં પુરતુ જ રજુ થયેલાનું જણાઈ આવે છે. તેથી, કોર્ટનું માનવું છે કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ થયેલ છે.

ફોજદારી કાયદાના પ્રસ્થાપીત સીધ્ધાંત મુજબ, આરોપી કસુવાર ના ઠરાવવામાં આવે, ત્યાર સુધી આરોપીને નિર્દોષ માનવાનું હોય છે. નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા **રબીનદ્ર કુમાર દે વી. રાજ્ય *એ.આઈ.આર. ૧૯૭૭ એસ.સી. ૧૭૦*** ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે ફોજદારી કેસોમાં આરોપીએ પોતે નિર્દોષ સાબીત નથી કરવાનું હતો, પરંતુ ફરીયાદપક્ષ પર પોતાનો કેસ શંકાથી પાર સાબીત કરવાનો બોઝો હોય છે અને ફરીયાદપક્ષ તેવુ કરવામાં નિષફળ જાય, તો આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

તમામ પુરાવા, ચર્ચા અને ઉપરોકત ચુકાદાના સીધાંતને ધ્યાને લેતા, એ સ્પષ્ટ છે કે ફરીયાદપક્ષ આરોપી ઉપરનું તહોમત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ થયેલ છે, જેથી આરોપીઓને શંકાનો લાભ આપી મુદા નં. ૫. ૧. નો નિર્ણય''નકાર'' માં ઠરાવવામાં આવે છે અને મુદા નં. ૫. ૨. અનવ્યે, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:–

**:: આખરી હુકમ ::**

૧. ક. ૨૪૮(૧), સીઆર. પી. સી. અન્વયે આરોપીને ક. ૬૫એએ, ગુજરાત પ્રતીબંધ અધીનીયમ,

૧૯૪૯ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી, શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. કબજે કરવામાં આવેલ મુદદામાલ અંગે, અપીલ સમય વિત્યા બાદ, અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ કાયમ કરવામાં આવે છે અને બાકીના મદુદામાલ અંગે, ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ, બિનકિંમતી મુદદામાલ નાશ કરવાનો અને કિંમતી મુદદામાલ સરકાર ખાલસા કરવું.

૩. આરોપીએ અગાઉ આપેલ જાત મુચરકા તથા જામીનદારે અગાઉ આપેલ જામીનખત, ક. ૪૩૭એ, સીઆર. પી. સી. અન્વયે, અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવા અને ત્યારબાદ રદ ગણાશે.

આજરોજ તારીખ : ૩૦ મી, માહે : જુન, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં ઠરાવ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા. : ૩૦/૦૬/૨૦૨૬.**
**મુ. તા. નીઝર, જી. તાપી.**

**(ગર્વિત સુધસરસિંહ પવાર)**
**જે. એમ. એફ. સી., નીઝર.**
**યુ.આઈ.સી. – જીજે૦૧૬૩૭**